# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

આજે બધે જે વાતની ચકચાર હોય છે,
ભાગ્યે જ કાલે કોઈને દરકાર હોય છે.
નીકળે ન શબ્દ એકે પ્રશંસાનો ભૂલથી,
લોકો જગતના એવા ખબરદાર હોય છે!
સ્વીકારે જેની વાતને મૃત્યુ પછી જગત,
એના જીવનમાં ઓછા તરફદાર હોય છે.
પલટે પલકમાં પોતાનાં આંસુને સ્મિતમાં,
દુનિયામાં કેટલાય કલાકાર હોય છે !
પડછાયો પણ તિમિરમાં નથી સાથ આપતો,
મુશ્કિલ સમયમાં કોણ વફાદાર હોય છે ?

- હેમેન શાહ.

## પાથેય

# જીવનના તરફદાર

- રમેશ ઠક્કર

ઘણી વખત આપણે કીડી ઉપર કટક કરી નાખતા હોઈએ છીએ.કોઈ ઘટના કે પ્રસંગ બને એટલે એની અસરો તાત્કાલિક થાય છે.ક્યારેક તો એવું લાગે કે એ ઘટના સિવાય જગતમાં જાણે કોઈ ચીજ જ ના હોય! સમાચાર માધ્યમોમાં ચકચાર બહુ મહત્વ હોય છે.જેટલી તલાવેલી અને સનસનાટી વધુ એટલું એ સમાચારનું મૂલ્ય વધારે ગણાય ! આજે જે વાત આપણને ચકચારી લાગતી હોય શક્ય છે અમુક સમય પછી એ રૂટીન બની જતી હોય છે એટલે સુધી કે ઘણી વખત જે ઘટના માટે આપણે દિવસો સુધી ચર્ચા કરતા રહીએ.એ અમુક સમય સહજ બની જાય છે. ઘટનાઓ ઘાવ જેવી હોય છે. એ ચચરે ત્યાં સુધી જ એનો અનુભવ થાય.જ્યાં બધું થાળે પડે એટલે જાણે કંઈ જ ના બની હોય એવું લાગે! આ વિશ્વમાં પણ સમજવા જેવું છે આપણે મોટે ભાગે કોઈપણ સનસનાટીની અસરમાં જીવતા રહીએ છીએ.જ્યારે નિતર્યા નીર જેવું સત્ય સામે આવે ત્યારે એને સમજી શકતા નથી.

દુનિયાને નિષ્ઠુર એમને એમ કહેવામાં નથી આવી ! અહીં અનેક લોકો આપણને મળે છે.રોજિંદો વ્યવહાર પણ કરે છે.આપણે ત્યાં જો કોઈ મોટું છળ હોય તો એકબીજા સાથેનો સંવાદ.. કેમ છો ? અને એનો જવાબ મજામાં ! ક્યારેક એ વાત આગળ વધીને આવો ક્યારેક ઘર..એવું જ્યારે લોકો કહે છે ત્યારે છળનું એક વર્તુળ પૂરું થતું હોય એવું લાગે! આપણી સિદ્ધિઓ કે આપણી કામગીરીને લોકો હંમેશા નજરઅંદાજ કરતા રહે છે.આપણી એકાદી ભૂલને ગાઈ વગાડીને કહેવામાં લોકોને મજા આવતી હોય છે.એની સામે સમયસર પ્રશંસાનો એકાદ શબ્દ માણસના મુખમાંથી નીકળી જાય તો સામેની વ્યક્તિનું જીવવું સાર્થક બની જાય છે. જગતના લોકો જબરજસ્ત ખબરદાર હોય છે ! એ આવી ભૂલ થવા દેતા નથી.કોઈકને સમયસર બિરદાવવા જેટલી ખેલદિલી હોવી બહુ દુર્લભ છે.

માણસ જીવે ત્યાં સુધી તો એની ગણના સત્તા અને સંપત્તિના આધારે થતી રહે છે.લોકો એમ માને છે કે મારું જગતમાં નામ થઈ ગયું છે.આવો ભ્રમ જીવવા માટે ઘણીવાર જરૂરી બની જતો હોય છે ! આપણે એવું ભાગ્યે જ વિચારીએ છીએ કે જ્યારે આ જગતમાં આપણે નહીં હોઈએ ત્યારે આપણને લોકો કઈ રીતે યાદ કરતા હશે ? આપણી ગણના કઈ રીતે થતી હશે ? વાસ્તવમાં આપણા ગયા પછી જીવનમાં જે કોઈ લોકો આપણને યાદ કરે છે એ જ સાચા તરફદાર ગણી શકાય!એવા લોકોની મૈત્રી કે વફાદારી સાચી,એવું ચોક્કસપણે કહી શકાય. ઘણીવાર માણસનું દુર્ભાગ્ય એટલું પ્રબળ હોય છે કે કોઈપણ જાતની તરકીબો કે એના માટેના ઉપાયો કામ લાગતા નથી.એવું કહેવાય છે કે મુશ્કેલીના સમયમાં માણસનો પડછાયો પણ એનો દુશ્મન બની જતો હોય છે.અંધકારમા એ પણવસાથ આપતો નથી.એટલે કે એય પણ અંધકારમાં ભળી જાય છે.મુશ્કેલ સમયમાં કોણ વફાદાર હોય છે એની ખબર તો ત્યારે જ પડે કે જ્યારે વ્યક્તિ સ્વયંમ મુસીબતોથી ઘેરાઈ જાય.ત્યાં સુધી માણસને આ વાતનો અહેસાસ પણ થતો નથી.આ રહસ્ય દુનિયામાં આપણી પહેલાં આવેલા અનેક લોકો અનુભવી ચૂક્યા છે.આમછતાં આશ્ચર્યની વાત એ છે કે પોતાના અનુભવોમાંથી પણ લોકો જાણે કશું શીખતા જ નથી.અણીના સમયે પોતાને કોણ વફાદાર હશે એ બાબતે હંમેશા થાપ ખાઈ જતા હોય છે.માણસ આખરે શું કરે ?એકલતા જ્યારે ઘેરી વળે ત્યારે એનો શ્રેષ્ઠ મિત્ર ઘરનો ખૂણો હોય છે.શ્રેષ્ઠ સહારો અરીસો બની જાય છે.એની સામે પોતાની જાતને ધરી પોતાને જ નિરખતા રહે છે.એ રીતે જોઈએ તો એ પોતે જ જાણે પોતાનો ન્યાયાધીશ બની જાય છે.પોતે જ જાણે ગુનેગારના કઠેડામાં ઊભો રહી જાય છે.આત્મવંચના અથવા તો જાત સાથેની છેતરપિંડી એક મોટો ભ્રમ છે. આજે જે ઘટના આપણને અસાધારણ લાગતી હોય,એની ચકચાર હોય,એ ઘટનાની દરકાર કાલે કદાચ કોઈને પણ ના હોય !આ સત્ય અહીં વિવિધ રીતે ઉજાગર કરીને કવિએ કમાલ કરી નાખી છે..

# વિદેશ ભણી દોટ : ઘેલછા... મજબૂરી કે સોનેરી ભવિષ્યની આશ ?!



રજળપાટ
અજય ઉપાધ્યાય

બસ જેને જુઓ એને વિદેશ જવું છે.. !!!!! પૂછો કે હવે શું કરવાનો તમારો બાબો કે બેબી ? તો કહેશે બસ કેનેડા જવાની કોશિશ કરવાનો..!!!! અને જે આ કેનેડાની કોશિશોમાં નાકામિયાબ થાય એ ટ્રાય કરવાના ટ્રમ્પ દીવાલની આરપાર થઈને અમેરિકા જવાના જોખમી અખતરાઓ..!!! કેડસમાણા પાણીમાં ૩-૪ કિલોમીટર ચાલીને.. કે સુમસાન જંગલમાં ૩-૪ દિવસ ભૂખ્યા તરસ્યા ઓલમોસ્ટ દોડીને.. કે પછી ઊંચી ઊંચી દીવાલ કૂદીને.. કે પછી કેનેડાની બોર્ડર પરથી જોખમી નદીઓમાં હાડ ગાળી દે એવી ઠંડીમાં બૈરી-છોકરાઓ સાથે સામે પાર અમેરિકા જવાના ઉત્સાહમાં..ઘેલછામાં કે પછી ભવિષ્યની ઉજ્જ્વળ આશમાં..!!!! આ ઘેલછાભરી દોડધામમાં જાણે એવું લાગી રહ્યું છે કે દુનિયામાં બે જ કન્ટ્રી એવા છે કે જ્યાં રહી શકાય છે કે રહેવા જેવુ છે.. !!! જ્યાં તમે જન્મ્યા.. જ્યાં તમારા વડવાઓ જન્મ્યા.. ઉછર્યા.. સુખી થયા.. એ દેશ.. એ ધરતી.. એ માતૃભૂમિ કરતાં પણ આ વિદેશનું આકર્ષણ વધી ગયું છે. કદાચ એનું કારણ હવે વિદેશ જવું એટલું અઘરું નથી રહ્યું એ હોય શકે અને બીજું કે બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળેલા એજન્ટોની ચાલબાજીની અસરો પણ હોય શકે, કબૂતરબાઝી શબ્દ એક સમયે બહુ જ પ્રચલિત હતો પણ હવે તો એજન્ટો તમને છેક સુધી પહોંચાડી શકાય એવી લાઈનો ધરાવે છે !!! હા, લીગલી વિદેશ સ્થાયી થવું હજુ પણ એટલું જ અઘરું છે પણ ઈલીગલ ઘૂસી જવું પ્રમાણમાં સહેલું હોય એવું લાગે છે અને એનું એક કારણ જે તે દેશની સિસ્ટમમાં રહેલા છીંડાઓ પણ છે જ..!! આફ્ટર ઓલ કાગડા એવરિવેર બ્લેક જ હોય ને..!!!!!!

દરરોજ છાપાઓમાં અને ટેલિવિઝન પર કેનેડામાં મૃત્યુ પામેલા લોકો કે પછી અમેરિકન બોર્ડર ક્રોસ કરતાં કરતાં મોતને ભેટેલ લોકોના સમાચારો આપણે વાંચીએ છીએ અને વાંચતી વખતે એક જ વિચાર આવે છે કે આવા સાહસો કરવાની આ લોકોને કેમ જરૂર પડી હશે ? શું આપણા દેશમાં એમને કેરિયરની દ્રષ્ટિએ કે પૈસાની દ્રષ્ટિએ ઓછપ લાગતી હશે ? કે પછી વિદેશનું આકર્ષણ આ બધા પર ભારી પડી જાય છે ? જુઓ એક હકીકત એ પણ છે કે અમેરિકા કે કેનેડાથી આવતા ‘ આહ આહ ‘ ને ‘ વાહ વાહ ‘ ભર્યા સમાચારો પણ અર્ધસત્ય તો છે જ અને એના ઉદાહરણો આ છાપા-મેગેજીનોમાં આવતા અપમૃત્યુના સમાચારો ખુદ છે પણ સાથે સાથે એ પણ છે કે ‘ સાહસ કરે તે ફળ પામે ‘ એ કહેવત મુજબ યંગ અને ઉછળતા લોહીવાળા યુવાનોમાં આવા સાહસો કરવાની વૃતિ વધતી જાય છે. અને આમાં દેખાદેખીનો પણ એટલો જ ફાળો છે. ‘ અમારે ત્યાં જલસા છે ‘ કહેનારા કેટલાયને આ લખનારે પાછા ઈન્ડિયા આવી જતાં કે પછી હાથમાં આઈફોન કે ટોયોટો ગાડીને ટેકો દઈને પાડેલા ફોટા ઈંસ્ટા કે ફેસબુક પર અપલોડ કરનારને પિત્ઝા સેન્ટરમાં લોકોને પિત્ઝા સર્વ કરતાં કે ગેસસ્ટેશનમાં પેટ્રોલની પાઈપ પકડીને મજૂરી કરતાં ( મજૂરી જ કહેવાય ને ? ) પણ જોયા છે. અને આવા વાયદાઓમાં કે દેખાદેખીમાં આવી ગયેલા ઘણાને ત્યાં જઈને અટવાતા પણ જોયેલા છે.

આ મજૂરી શબ્દ કોઈને વધુ પડતો આકરો લાગે તો એક વાત સમજી લો કે વ્હાઈટ કોલર જોબ વિદેશમાં બહુ જ ઓછા છે – એટલીસ્ટ આવી રીતે ત્યાં ઘૂસનાર માટે તો નથી જ. અમેરિકા ઘૂસ મારેલ લોકોના સ્વમુખે સાંભળેલા અનુભવો મુજબ વાઈન શોપ, ડ્રાઈવિંગ, બેકરી જોબ, મૉટેલ કે પછી પેટ્રોલપંપ જ હાથવગા અને તરત મળતા ઓપ્શન્સ છે અને મોટાભાગના લોકો એ સ્વીકારી પણ લે છે, હવે એને મજૂરી ગણો કે મજબૂરી એ અલગ વાત છે..!!! અમુક કિસ્સાઓમાં ત્યાં જ સ્થાયી થયેલા સંબંધીઓની હાર્ડવેર શોપ – લિકર શોપ કે મોટેલમાં ઓછા વેતને નોકરી કરવી એ પણ એક રસ્તો છે. અને એમા કાઈ ખોટું પણ નથી કેમકે ઈન્ડિયાથી પિતાએ ઘર ગીરવે રાખીને કે પછી બીજી કોઈ રીતે લોન લઈને ખર્ચ કરેલ ૧૫ કે ૨૦ લાખ ભરપાઈ તો કરવા જ પડે ને ? આ ૧૫-૨૦ તો મે ડરતા ડરતા લખ્યા છે બાકી તાજેતરના સમાચારો મુજબ અમેરિકા જવાનો આઈ મીન ઘૂસવાનો ખર્ચ કરોડ આસપાસ થાય છે અને કેનેડા પણ સસ્તામાં તો નથી જ પતતું..!!! વક્રતા એ છે કે ડોલર છાપવાના મોહમાં પગથી માથા સુધી દેવું કરીને ગયેલા બધા કઈ એટલા નસીબદાર હોતા નથી કે અમેરિકા કે કેનેડાની ધરતી પર પગ મૂકતાં જ ડોલર છાપવા માંડે..!! અને માનો કે છાપવા પણ માંડે તો પણ વિદેશમાં રહેવાનો ખર્ચ ઈન્ડિયાની સરખામણીમાં વધુ જ આવવાનો એટલે થાય શું કે ૧૫ કે ૨૦ ની ભરપાઈ કરતાં કરતાં વર્ષો પણ નીકળી જાય અને એ દરમ્યાન જોબની કે બીજી અસલામતી તો ખરી જ..!!! હમણાં હમણાંથી કેનેડા કે અમેરિકામાં મૃત્યુ પામેલા લોકોના સમાચારો બહુ આવે છે એના મૂળમાં જઈએ તો કદાચ આર્થિક અસલામતી અને જોબની અંસર્ટીનીટી કારણ નીકળે.

એક આંકડા મુજબ છેલ્લા ૬ વર્ષમાં ૩૦ લાખ ઈંડિયંસ ફૉરિન ગયા છે અને આ આંકડો તો માત્ર ભણવા ગયા હોય એવા લોકોનો જ છે, નદી ક્રોસ કરીને કે દીવાલ કૂદીને ગયેલાનો આંકડો તો અમેરિકન ઈમિગ્રન્ટ ડીપાર્ટમેન્ટ પાસે હશે..!!! માનો કે આમાંથી અર્ધા પણ કેનેડા ગયા હોય તો એમનો લાસ્ટ ગોલ તો ત્યાં ભણવા કરતાં જોબ મેળવીને કેનેડામાં સ્થાયી થવાનો જ હોવાનો. અને જો ડેસ્ટિનેશન અમેરિકા હોય તો ડોલર છાપવાનો. હવે હકીકત એ છે કે જોબની તકો અને સંખ્યામાં કાઈ બહુ મોટો વધારો છે નહીં પણ સામે છેડે આવનારા લોકોની સંખ્યા વધી રહી છે એટલે સ્વાભાવિક છે કે બધાને જોબ કે કામની તકો ધીરે ધીરે ઓછી થતી જવાની અથવા તો એમા પણ શોષણ શરૂ થઈ જવાનું,જે અત્યારે દેખાઈ પણ રહ્યું છે. જુઓ એક હકીકત છે કે અમેરિકા હોય કે કેનેડા ત્યાંની સરકારો બધુ જાણે છે પણ એમને અમુક કામો જે ધોળિયાઓ નથી જ કરવાના કે ભાગ્યે જ કરવાના એના માટે પણ લોકો તો જોઈશે જ. અમેરિકન કેસમાં તો ઈલીગલ જ્યાં સુધી કોઈ ક્રિમિનલ એક્ટિવિટીમાં આ પકડાય ત્યાં સુધી જ સારું, પકડાયા પછી તો રિજેકટેડના સિક્કા સાથે ઘરભેગા કરી દે..!!!

પણ પેલું કહે છે ને કે આવા બધા વિચારો કરવા બેસો તો જઈ રહ્યા ફૉરિન..???? એટલે ગાડરિયા પ્રવાહની જેમ હેંડો અમેરિકા કે પછી કેનેડા કે પછી ઓસ્ટ્રેલીયા કે..!!!! એવું નથી કે ભારતમાં કોઈ જાતની કમી છે.. ના.. બિલકુલ નહીં. અહિયાં પણ મહેનત કરનારને.. વ્યવસ્થિત ભણીને આગળ વધનારને.. નાના-મોટા ધંધા કરનારને પૂરી પ્રગતિનો સ્કોપ છે જ અને આવી રીતે વિદેશ જનારના પરિવારમાં જ આના દાખલાઓ મોજૂદ જ હશે. તો પછી એવું શું છે કે જે આટઆટલી મુસીબતો હોવા છતાં પણ ? સૌથી મહત્વનું તો ડોલરિયો મોહ....૧ ડોલરના ૮૦ રૂપિયા ગણવાની મજા..!!!! દેખાદેખી તો ખરી જ પણ સાથે સાથે આવી જ રીતે જઈને વિદેશ સ્થાયી થઈને પૈસેટકે સમૃધ્ધ થયેલા લોકોના દાખલાઓ ( જો કે હકીકત એ છે કે આવા લોકોની ટકાવારી ૨-૫ ની વચ્ચે હોય છે ). બીજું એક સિરિયસ કારણ છે ઉચ્ચ અભ્યાસની તક અને એને આધારે કાયમી જોબની ગેરંટી. જો કે આગળ લખ્યું એમ સરકારી જોબ માત્ર અમુક જ સેકટરમાં છે અને એના માટે એલિજિબલ થવું પણ મુશ્કેલ કામ છે છતાં પણ ભણવામાં અવ્વલ માટે સ્કોપ તો છે જ. સદીઓથી ભારતીય દરિયાપાર જઈ રહ્યો છે અને એમા ઉતરોતર વધારો થઈ રહ્યો છે પણ અત્યારના સંજોગોમાં જેને જુઓ એને ‘ ચાલો ફૉરિન ‘ કરતાં સાંભળીએ ત્યારે એમ થાય કે એ દિવસો દૂર નથી જ્યારે હાડમારીઓ વધતી જવાની અને વિદેશમાં સ્થાયી થવાના પડકારો.. જે તે દેશમાં ગયા પછી સર્વાઈવ થવાના પડકારો વધુ ને વધુ આકરા બનતા જવાના.. અને ત્યારે કદાચ આખીએ સાયકલ રિવર્સમાં ભાગવા લાગવાની !!!!

- akurjt@gmail.com

# નાથાલાલની લગ્નોત્સુકતા અને નટુની પલ્લવી...



હમજ્યા મારા ભૈ !
ભાગ્યેશ જહા

તે દિવસની મીટીંગ પછી સોસાયટીમાં ભાઇચારાનું વાતાવરણ વાર્તાના રાજકુમારની માફક વધવા લાગ્યું. જેમ જેમ આ ભાઇચારો દ્રઢ થતો ગયો તેમ તેમ નાથાલાલનું બીપી વધવા લાગ્યું. એવું લાગ્યું કે મીટીંગ ભરીને છોકરાના લગનની જાહેરાત કરી તો આ બધા તો એવા સંપીલા બન્યા છે જાણે જાહેરમાં રખડતી ગાયોને ઘાસચારાનું સરનામું મળી ગયું. નાથાલાલને પહેલી વખત લાગવા લાગ્યું છે કે પોતે અનાથ છે. વાસ્તવમાં નાથાલાલનાં પત્ની રમીલાબેન ગયા કોરોનામાં ગુજરી ગયાં એમાં પણ સોસાયટીના લોકોએ સારો એવો ભાગ ભજવેલો. પોઝીટીવ નહોતો આવ્યો ત્યારે પણ આવી આવીને આશ્વાસન આપી જતાં, 'તમારે સહેજ ચિંતા રાખવી કેમ કે નાથાલાલને બાયપાસ કરાવેલી છે અને તમને ડાયાબીટીસ છે અને પાંસઠની ઉંમર કંઇ નાની ના કહેવાય ! જુઓ ને અમારી જેઠાણીને ત્યાં સેક્ટર ત્રેવીસમાં પાંત્રીસવર્ષની એક બાઇ મરી ગયી. નખમાંયે રોગ નહીં. ખાલી એની સાસુને ડાયાબીટીસ હતો. પણ એને એની સાસુ સાથે બને નહીં એને લીધે એને ડાયાબીટીસ સાથે પણ ના બન્યું.. ! જ્યારે મપાવો ત્યારે સોથી નીચે જ આવે..'

રમીલાબેન ચિંતાભર્યા સ્વરે પુછતાં,'.... એવું કેવી રીતે બને ?' તો આશાદેવી સી સમજાવતાં, 'તમને ખબર જ નથી કે ડાયાબીટીસ એ સામાજિક રોગ છે...' આમ સોસાયટીના લોકોએ રમીલાના મનમાં ઠસાવ્યું કે તમારી સ્થિતિ મોર્બીલીટીથી ભરેલી કહેવાય, તમારા બાયોડેટામાં ડાયાબીટીસની એન્ટ્રી થઇ એટલે ચંદ્રગુપ્ત તમારા ઉપર નજર રાખ્યા કરે ! રમીલાબેન ઉધરસ ખાય તો યે ત્રણચાર ફોન આવી જાય.. 'શું થયું ! ટેસ્ટ કરાવી દો..!!' 'ઉધરસ છેતરામણી વસ્તુ છે. અને તમને તો ત્રણત્રણના જથ્થામાં આવે છે..!!' '... ' આ ઉધરસમાં જ કોરોના સંતાયેલો હોય છે, મારો રોયો...!! " અને સાચે જ રમીલાને કોરોના પોઝીટીવ આવ્યો, જ્યારે એમ્બ્યુલન્સ એમને લેવા આવી ત્યારે ચાર્મીએ તો એવી પોક મુકેલી જાણે એમ્બ્યુલન્સ નહીં પણ શબવાહિની રમીલાબેનને લેવા આવી હોય ! પણ કોરોનામાં કહેવાતું, હોસ્પિટલમાં જાય એ પાછું આવે ત્યારે ખરું !!' સાચ્ચે જ બિચારા રમીલાના ત્યાં જ રામ રમી ગયા. પણ નાથાલાલને સતત એવું લાગ્યા કરતું હતું કે સોસાયટીએ ઘણો મોટો રોલ ભજવ્યો છે !! એકવાર તો નટુએ કહ્યું કે 'આપણે આ સોસાયટી છોડી દઈએ.. ' પણ નાથાલાલનો જીવ ના ચાલ્યો કારણ નવું ઘર લેવું મોંઘું પડે, એના કરતાં તો 'વાઇફ લાવવી સારી... ' આવી રીતે પાંચેકવાર એ ઘરમાં બોલ્યા કે 'આના કરતાં તો વાઈફ લાવવી સારી... ' એક્ચ્યુઅલી એ પોતાને માટે કહેતા હતા પણ નટુએ એવું માની લીધું કે પિતા એને ઇન-ડાયરેક્ટલી આજ્ઞા આપી રહ્યા છે. એ માની ગયો કે કળિયુગમાં આપણે રામકથામાંથી શીખવું જોઇએ કે પિતાની ઇચ્છાને આજ્ઞા માનીને પાલન કરવું જોઇએ. ખાસ કરીને જ્યારે પિતા 'અનાથ' જેવું ફીલ કરતા હોય અને નાથાલાલ જેવું જુનાજમાનાનું અને અર્થસભર નામ હોય.. !!!

દિવસે નટુને પરણવાનો ચસ્કો લાગવા લાગ્યો, એનાથી પિતાનું વધતું જતું દુ:ખ જોવાતું નહોતું. એ માનતો કે ઘરમાં એક સ્ત્રી આવવાથી ઘર પે'લી ગામની અવાવરું વાડી જેવું લાગતું અટકી જશે.

કાન લંબાવીને સમાજની ચૌદશ કરનારા સગાંઓને વાત કરવામાં આવી, વ્હોટ્સ-એપ પર ચોકઠા બનાવનાર ડેન્ટીસ્ટના બાપા જે સામાજિક ચોકઠા બેસાડતા હતા એમને વાત કરી. બાયોડેટાનો થપ્પો થઈ ગયો, નાથાલાલ છોકરીઓના ફોટા જોયા કરતા અને આખો દિવસ આવી રીતે સામાજિક કર્યા કરતા જોઇને નટુને ચિંતા થવા લાગી. નટુને ખબર હતી કે એના બાપ પોતે ખુબ જ સાહસિક વ્યક્તિ છે. પોતાને બદલે હવે બાપાના પરણી જવાની શક્યતા વધી જતી જોઇને નટુએ છેલ્લે એક છોકરીને પસંદ કરી, છોકરીનું નામ હતું, 'પલ્લવી'. ફોનમાં એ કહેતો 'પલ્લું, યુ નો તારું નામ બહુ જુનું છે પણ તું આધુનિક હોઇશ એવી મને શંકા છે.., તો બોલ ક્યારે મળીને મારી શંકા દુર કરીશ... ' બન્ને મળ્યા. સ્વર્ણિમપાર્કમાં મળ્યા. સવારે મળ્યા, બપોરે મળ્યા. સાંજે મળ્યા. અજવાળાના વધારે ઓછા થયા પછી પણ પલ્લવીના રંગમાં કોઇ ફેરફાર ના લાગ્યો, એ શ્યામવર્ણી હતી, મેટ્રીકમાં બેવાર નાપાસ હતી. જો કે ઇન્સ્ટાગ્રામ ઉપર ત્રણહજાર ફોઓઅર્સ હતા. એકવાર એણે કંઇક વિચિત્ર ફોટો મુકેલો બાવનહાજર લોકોએ લાઇક કરેલું. બસ, આટલું થતાં જ પલ્લવી સાતમા આસમાને પહોંચી ગયી. 'અરે નટીઆ... તને ખબર પડે છે, આ સોસીશ્યલ મીડિયાના જમાનામાં મારી લોકપ્રિયતા તારી ત્રણ પેઢીમાં કોઇએ કલ્પી નહીં હોય એટલી છે.. !!' નટુને કહેવું હતું કે ત્રણ પેઢીનો સવાલ જ નથી કારણ આ સોશિયલ મીડિયા હજી તો પાંચ વર્ષથી જ એ પરાણે જાણે છે. પલ્લવી આ રીતે ખુબ જ સોશિયલ મીડિયાની હવામાં રહેતી અને એના કોન્ફીડન્સ અને ડફાન્સ-ઇન્ડેક્ષમાં એટલો બધો વધારો થઇ ગયેલો કે રોજ જુદા જુદા ફોટા મુકી મુકીને સેંકડો લાઇકો ઉઘરાવતી. પણ નટુ જ્યારે જ્યારે એને રુબરું જોતો ત્યારે ત્યારે પૈસા પડી જતા.. પણ નટુ ફસાયો હતો. એની સામાજિક સમસ્યા મોટી થતી જતી હતી કારણ એના બાપા નાથાલાલ હવે સ્પર્ધામાં હોય એવું વર્તન કરવા લાગ્યા હતા. એને બહુ બીક લાગતી હતી કે જો એ સમયસર હા નહીં પાડે તો નાથાલાલ એમના ડીઝીટલ-સર્કલમાંથી કોઇને શોધી કાઢશે. અને આ સોસાયટીના ચૌદશિયાઓને સાધીને એક દિવસ પરણી જશે. અને એને ફ્લેટમાં કાઢી મુકશે તો એ એની પલ્લવી અથવા એના જેવીને લઈને ક્યાં જીવન વીતાવશે. નટુ એની નોંકરીમાંથી માંડ માંડ પંદર હજાર કમાતો હતો એટલે બાપત્રાસને સહન કરીને પણ એને ઝડપ કરવી જરૂરી છે, કમાતી છોકરી મળે તો વધું સારું. એટલે એને પલ્લવીને હા પાડવાનું મનોમન નક્કી કરી લીધું હતું. હવે... જોઇએ શું થાય છે ???

# આત્મશ્લાઘા...એક વ્યાધિ.......





પમરાટ
મિત્તલ પટેલ

જે વ્યક્તિ સતત આત્મશ્લાઘા અટવાયેલો રહે છે તે સતત એક ભ્રમમાં જીવતો હોય છે. તેનો "હુ" નો ભાવ એટલો સમૃદ્ધ હોય છે કે "આપણે" કે "સહિયારા" નો ભાવ અને તેની સંકલ્પના તે સમજી કે સ્વીકારી જ નથી શક્તાં. તેનાથી ધીમે ધીમે તે ઘરના અને સમાજના તેમજ વર્ક પ્લેસ ના બીજા વ્યક્તિ ઓથી દૂર થતો જાય છે. વ્યક્તિ "સ્વ" કેન્દ્રિત બની જાય છે. પોતાની આસપાસની બધી પ્રવૃત્તિઓ પોતાની કેન્દ્રમાં રાખીને જ થવી જોઈએ. પોતાને સૌથી વધુ મહત્વ મળવું જોઈએ એવું ઇચ્છે છે. અને જો આવું ન થાય તો તે ધુઆપુઆ બની જાય છે. રઘવાયો બની જાય છે. આમ પોતે પોતાને જ સૌથી વધુ નુકસાન પહોંચાડે છે. દુઃખી કરે છે તકલીફ આપે છે. આત્મશ્લાઘા માં સતત રાચતો માણસ ઇચ્છવા છતાં પોતાના વ્યક્તિઓને પ્રેમ લાગણી હૂંફ આપી શકતો નથી. પોતે તેમની સાથે આત્મીયતા થી જીવી શકતો નથી. પોતે ઈચ્છવા છતાંય. તેમ કરતાં તેમનો અહમ્ વચ્ચે આવી જાય છે.

ઓથાર કરીને ઉભો એક બગલો...
ચાચે ...ચંપકની...પીન.....
"હુ" ..."મારો"...નો નાં છોડે તંતુ તે ક્યારેય...
ખટકે સહિયારા ની ભીંત.....

આત્મશ્લાઘા એક વ્યસન છે. જે વ્યક્તિના માનસિક સ્વાસ્થ્યને બાણમા લે છે. હા અન્ય વ્યસનની જેમ તેને પણ ખુદથી અળગું કરી શકાય છે. જો પોતે મક્કમ મનોબળથી વ્યસન મુક્તિ અભિયાન ચલાવીએ તો. આત્મસ્લાઘા માં રાચતો માણસ હિતેચ્છુઓ અને કપટી માણસો વચ્ચેનો ભેદ પારખી શકતા સાવધ નથી રહી શકતો. કેમકે તેને માત્ર ખુશામત, વખાણ સાંભળવા.... ને પોતે બોલતા હોય તો શ્રોતા જે બને તે જ ગમતાં હોય છે. માટે કેટલાક કાવતરાનો ભોગ બને છે. કપટી લોકો પોતાના કામ તેમની પાસેથી ખૂબ સહેલાઇથી કઢાવી શકે છે. આ વ્યસન માંથી બહાર આવવા... સ્વકેન્દ્રી પણામાંથી બહાર આવવા પોતે પ્રયત્ન કરવો પડે. "હુ" માંથી "અમે"... "મારું" માંથી "આપણું"... મારાથી ની જગ્યાએ આપણાંથી... ની સહિયારી ભાવના વિકસાવવી પડે..

"મેં કર્યું" નો ભાવ જાય.. ."હું તો માત્ર નિમિત્ત છું"... હું ન હોત તો બીજું કંઈ હોત. એ નિમિત્તતા નો ભાવ સતત મનમાં રાખી વ્યવહાર કરતાં શીખી જઈએ તો આત્મશ્લાઘાનો ભાવ દૂરદૂરથી પણ પણ તમને સ્પર્શશે નહી......

mitalpatel56@gmail.com